# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-03-2025 Day : Monday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી – રાયસીના ડાયલોગ

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં રાયસીના ડાયલૉગ 2025ની 10મી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે. ન્યૂઝિલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટૉફર લક્સન ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને તેઓ સંબોધન કરશે. ત્રિ દિવસય ચાલનારો રાયસીના ડાયલૉગ કાર્યક્રમ 19 માર્ચ સુધી ચાલશે.**

**આ વર્ષે આ કાર્યક્રમની મુખ્ય વિષયવસ્તુ કાલચક્રઃ લોકો, શાંતિ અને પૃથ્વી છે. કાર્યક્રમ દરમિયાન વિશ્વના નીતિ નિર્માતાઓ અને ચિંતકો છ મુખ્ય વિષય પર વિચાર વિમર્શ કરશે.**

**રાયસીના ડાયલૉગ ભારતની ભૂ-રાજનીતિ અને ભૂ-અર્થશાસ્ત્ર પરનો મુખ્ય કાર્યક્રમ છે, જે વૈશ્વિક સમુદાયના વર્તમાન પડકારને પહોંચી વળવાના માર્ગ પર મંથન કરે છે.**

**રાયસીના ડાયલૉગની 10મી આવૃત્તિમાં અંદાજે 125 દેશના પ્રતિનિધિ ભાગ લેશે. આ કાર્યક્રમમાં ત્રણ હજાર 500થી વધુ ભાગીદાર વ્યક્તિગત રીતે સંવાદ કરશે. તેની સમગ્ર કાર્યવાહી વિશ્વભરમાં વિવિધ ડિજિટલ પ્લેટફૉર્મના માધ્યમથી કરોડો લોકો જોઈ શકશે.**

---

## પ્રધાનમંત્રી –લેક્સ ફ્રિડમેન પોડકાસ્ટ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત શાંતિ અંગે જે બોલે છે તે સમગ્ર વિશ્વ સાંભળે છે. કારણ કે, ભારત ગૌતમ બુદ્ધ અને મહાત્મા ગાંધીજીની ભૂમિ છે. શ્રી મોદીએ એ.આઈ. સંશોધનકર્તા અને પૉડકાસ્ટર લૅક્સ ફ્રિડમેન સાથેની વાતચીતમાં કહ્યું ભારતીય લોકો સદભાવમાં વિશ્વાસ કરે છે અને શાંતિ ઈચ્છે છે.'

રશિયા અને યુક્રેન સંઘર્ષ પર શ્રી મોદીએ કહ્યું જ્યારે બંને દેશ વાતચીત માટે એકસાથે આવશે ત્યારે આનું સમાધાન આવશે.

ભારત અને ચીનના સંબંધ પર શ્રી મોદીએ કહ્યું, બંને દેશના સંબંધ નવા નથી, પરંતુ પ્રાચીન કાળથી સાંસ્કૃતિક અને સભ્યતા સંબંધ રહ્યા છે. તેમણે કહ્યું, ભારત અને ચીને એકસાથે મળીને વૈશ્વિક કલ્યાણ માટે યોગદાન આપ્યું છે. પ્રાચીન કાળથી ભારત અને ચીન વચ્ચે સંઘર્ષનો ઇતિહાસ નથી રહ્યો. બંને દેશ વચ્ચે મજબૂત સંબંધ ભવિષ્યમાં પણ યથાવત્ રહેશે તેવો શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

---

## વંદે આયુકોન - 2025

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, આયુર્વેદના તબીબોએ વૈદ્ય તરીકે ઓળખ આપવામાં ગૌરવ અનુભવવું જોઈએ. અમદાવાદમાં 'વંદે આયુકોન-2025' કાર્યક્રમમાં શ્રી પટેલે આમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે આયુર્વેદ એ જીવન જીવવાનું વિજ્ઞાન છે.

આ પ્રસંગે આયુષ મંત્રાલયના સચિવ રાજેશ કોટેચાએ જણાવ્યું કે છેલ્લાં દસ વર્ષમાં આયુર્વેદનો ઉપયોગ કરનારા લોકોની સંખ્યા 5 ટકાથી વધીને આશરે 50 ટકા સુધી પહોંચી છે. આ કાર્યક્રમમાં આયુર્વેદ ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનારા શ્રેષ્ઠ આયુર્વેદ ચિકિત્સકોને સન્માનિત કરાયા હતા અને રાજ્યમાંથી પસંદ થયેલા 11 શ્રેષ્ઠ આયુર્વેદિક ક્લિનિકને 'બેસ્ટ ક્લિનિક-2025' એવૉર્ડ એનાયત કરાયો હતો. તદુપરાંત 500 ચિકિત્સકોને નિઃશુલ્ક ક્લિનિક ઓપીડી સોફ્ટવેર પણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના

**27 હજારથી વધુ આયુર્વેદિક તબીબો ઓનલાઇન તથા ઓફલાઇન માધ્યમથી સહભાગી થયા હતા.**

---

## હિંગોરજા વાંઢ – બાળકોનો જનાજો

**હિંગોરજા વાંઢના 5 માસુમ બાળકો તળાવના પાણીમાં ગરકાવ થયા બાદ પાંચેય બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા. ગઈકાલે હતભાગી પાંચ બાળકોના જનાજા એક સાથે નિકળતાં ગામ હિબકે ચડ્યું હતું. આ દુઃખદ ઘટનામાં પોતાના વ્હાલ સોયા ગુમાવનાર પરિવારોને હુંફ આપવા કચ્છભરમાંથી મોટી સંખ્યામાં લોકો જનાજામાં જોડાયા હતા. પવિત્ર રમઝાન માસમાં બનેલા આ ગોઝારા બનાવથી સમગ્ર મુસ્લિમ સમાજમાં દુઃખની લાગણી ફેલાઈ છે.**

---

## શાળા- કોલેજોમાં પરીક્ષા

**ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષા સંપન્ન થઈ ચૂકી છે અને પેપર ચકાસણીનું કામ પણ આરંભી દેવાયું છે. બોર્ડ પરીક્ષા પૂર્ણ થયા બાદ હવે શાળા -કોલેજમાં પરીક્ષાની મોસમ પુરબહારમાં ખીલી ઊઠવાની છે. કચ્છ યુનિવર્સિટીમાં 22 માર્ચથી પરીક્ષાનો ધમધમાટ શરૂ થવાનો છે, તો પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં એપ્રિલનાં પ્રથમ પખવાડિયા સુધી પરીક્ષાની કામગીરી આટોપી લેવાય તે પ્રકારનું આયોજન ઘડાઈ રહ્યું છે. ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કુષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં 22 માર્ચથી અલગ અલગતબક્કામાં સ્નાતક અને અનુસ્નાતકની વિવિધ પરીક્ષા લેવામાં આવશે..**

---

## રાજકોટ જિલ્લામાં તાલીમ શિબિર

**આજથી 21 માર્ચ દરમ્યાન રાજકોટ જિલ્લાના ઓસમ પર્વત, પાટણવાવ ખાતે રાજ્યકક્ષાની તાલીમ શિબિર 2024-25નું આયોજન કરાયું છે, જેમાં આશરે 400 જેટલા યુવક-યુવતીઓ ભાગ લેશે. આ તાલીમ શિબિરમાં ભાગ લેનાર લોકોને આપત્તિ વ્યવસ્થાપનને લગતી કામગીરી અને અન્ય સાહસિક પ્રવૃતિઓથી માહિતગાર કરવામાં આવશે, તેમ રાજકોટના જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.**

---

## હવામાન

**કચ્છમાં માર્ચ મહિનાના પ્રારંભ સાથે ગરમી વધવાની સાથે મહત્તમ પારો ઉંચકાયો હતો. જો કે, શુક્રવારથી ગરમીમાં ઘટાડો થવાની સાથે પારો નીચે સરકતાં લોકોને રાહત થઇ છે. ગઇકાલે ભુજમાં 36.1 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયો હતો. નલિયામાં પારો 1.2 ડિગ્રી ઉંચકાઇને 35.2 ડિગ્રી રહેવાની સાથે ગરમીની આંશિક અસર વર્તાઇ હતી. રાત્રિનું તાપમાન 17.5 ડિગ્રી રહેવાની સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું મથક રહ્યું હતું.**

**રાજ્યના મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં આગામી પાંચ દિવસ દરમિયાન કોઈ ફેરફાર નહીં થાય તેમ હવામાન ખાતાની યાદીમાં જણાવાયું છે.**

---